**સંસ્થા સમાચાર**

(૧)વોટરશેડ ડેવલપમેન્ટ ટીમની કેપીસીટી બિલ્ડીંગ તાલીમ કાર્યક્રમ તા. ૧–૨ સપ્ટેમ્બર દરમ્યાન સંસ્થાના અમરેલી કાર્યાલય ખાતે રાખવામાં આવેલ. જેમાં સ્વ વિશ્લેશણ, સ્વ અને બીજા, વલણ અને વર્તન તેમજ ટીમને વધુ મજબુત બનાવવાના વિવિધ મુદાઓ પર તાલીમ આપવામા આવી.

(૨)વોટરશેડ વિકાસ યોજના અંતર્ગતખાંભા તાલુકાના છ ગામો લાસા, તાતણીયા, ધાવડીયા, ઉમરીયા, નાના વિસાવદર, નાનૂડીમાં તા. ૩૧ ઓગષ્ટ થી ૧૨ સપ્ટેમ્બર સુધીમાં એક એક દિવસના પશુ રોગ નિદાન કેમ્પો યોજવામાં આવેલ. જેમાં ખરવા અને મોવા રોગ માટે રસીકરણ, વંધ્યત્વ નિવારણ, કૃમિનાશક દવાઓ તથા ખુટતા પોષક તત્વો માટે સારવાર વિ. બાબતોને આવરી લઈ ૧૫૦૦ જેટલા પશુઓને નિદાન કરી સારવાર આપવામાં આવી હતી. આ કેમ્પમાં વોટરશેડ ટીમ, પશુપાલન કચેરીના અધિકારીશ્રીઓ/પશુચિકિત્સકશ્રીઓ અને બાયફના પશુચિકિત્સકશ્રીઓ તથા જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ મંડળ ના પ્રમુખ/મંત્રીશ્રીઓનો સક્રિય સહયોગ હતો.

(૩)આકાશવાણી, રાજકોટ પરથી બપોરે ૧–૧૦ મિનીટે પ્રસારિત થતો કાર્યક્રમ ગ્રામ ભારતીમાં સંસ્થાના પ્રમુખશ્રી ધીરુભાઈ વાગડીયાની મુલાકાત ૧૩ મી સપ્ટેમ્બરના રોજ આવી હતી. 'ગ્રામ વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાનો ફાળો' એ વિષય આધારિત વાર્તાલાપમાં ખેતી અને તેને આધારિત આર્થિક પ્રવૃતિઓ, રાજાશાહી વખતના સખાવતી કાર્યો, આઝાદ ભારતમાં સરકારશ્રીની નિતીઓ યોજનાઓ ઘડવા તથા તેના અમલીકરણમાં સ્વૈચ્છિક કાર્યરત સંગઠનોને ટેકો કરવાના પ્રયાસ, સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકા, હાલની ગ્રામ્ય વિસ્તારોની સ્થિતી તેની રાજકીય અને સામાજીક રીતે જ્ઞાતિ આધારિત પ્રગતિ, નાના મોટા ખેડૂતો તથા ખેતમજુર, ગ્રામ્ય કારીગરોની સ્થિતી અને સ્થળાંતર, કુરિવાજો, વિકાસની પ્રક્રિયામાં મહિલાઓની સામેલગીરી, સ્વૈચિછક કાયકર્તાઓનો લોકો સાથે સમસ્યા આધારિત વાર્તાલાપ, સમસ્યાનુ વિશ્લેષણ અને તેનુ નિરાકરણ શોધી કાઢવુ, ગ્રામ્ય વિસ્તારમાં છેવાડાના ગરીબ લોકોમાં આશાનુ કિરણ ઉભુ થાય તેવી પ્રવૃતિ પણ છેલ્લા ૫–૬ વર્ષમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ ઉપાડી છે. જેમાં સ્વનિર્ભર જુથ ઉભા કરી તેને બેંક સાથે જોડવાની વાત છે તે તમામ મુદાઓ રજુ કર્યા હતા.

(૪)૨૧/૯/૨૦૦૧ ના રોજ કુટુંબ સલાહ કેન્દ્રની સબ કમિટી મળી જેમાં ૪ કેસની સમસ્યાઓની રજુઆત કરી જરૂરી કાયદાકીય માહીતી તથા સુચનો આપવા એડવોકેટ અશ્વિનભાઈ ઠુંમર, ડો. અનીલભાઈ સાવલિયા, બિપીનભાઈ જોષી,જયંતિભાઈ તળાવિયા, સંસ્થાના પ્રમુખશ્રી વિ. સભ્યોએ આ મિટીંગમાં હાજરી આપી હતી. તેમજ બે કેસના અરજદારો હાજર રહયા હતા.

(૫)પંચાયતમાં ગ્રામ્ય મહિલાઓને સક્રિય ભાગીદારી અંતર્ગત ત્રીજા તબકકાની તાલીમ તા. ૨૧ ના ખાંભા મુકામે રાખેલ જેમાં સરપંચ તરીકે ઉમેદવારની લાયકાત નિયમો વિશેની તાલીમ સંસ્થાના કાર્યકર મિત્રોએ આપી હતી.

(૬)૧–૭ સપ્ટેમ્બર પોષણ સપ્તાહ ઉજવણી અમરેલી શહેરના દેવપુજકો, શાળાના બાળકો, એમ્બ્રોઈડરી વર્ગની બહેનો તથા અલગ અલગ વિસ્તારોમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમની ઉજવણી માટે સંસ્થાના કાર્યકર બહેનો કંચનબેન, રેખાબેન, વિજયાબેન, જાગૃતિબેન, સીમાબેન, હેતલબેન તથા અલ્કાબેન વિ. બહેનોએ આયોજનો કર્યા હતા.

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers,Ganesh complex - Amreli and Published at 95-Jalaram nagar (2), Amreli, Editor Dhiren Vagadia.

Post Regn. No. G/AMI-91/99 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/1999/1521
Date Of Issue1st of month

ટપક કાર્યાલય
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૩૧,ઓમનગર(૩), ગોકુલ ગાર્ડન સામે,
હનુમાનપરા રોડ,અમરેલી–૩૬૫ ૬૦૧
☎(૦૨૭૯૨) ૨૫૧૫૭,૩૦૮૮૯,૨૩૫૨૫
Fax : 02792 30880 E-mail : hard@ad1.vsnl.net.in

**કોઈને કાંટા આપીને ફૂલની અપેક્ષા ન રખાય**

### યુવતી વિકાસ કેન્દ્રના કોઓર્ડીનેટરો માટે કાર્યશાળા

અવાજ સંસ્થા દ્વારા ગુજરાત રાજયમાં ચાલતા સર્વ યુવતી વિકાસ કેન્દ્રના કો–ઓર્ડીનેટરો માટેની એક કાર્યશાળા તા. ૧૧–૧૪ સપ્ટેમ્બર દરમ્યાન યોજાઈ. કાર્યશાળાનો હેતુ યુવતી વિકાસ કેન્દ્રના કો–ઓર્ડીનેટરોને ઉપયોગી થાય તેવી સહાયિકા તૈયાર કરવી, સહાયિકાની સામગ્રી વિશે ચર્ચા કરવા ૨૨ના રોજ સંસ્થાના વડાઓ સાથેપરામર્શ મિટીંગ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં કો–ઓર્ડીનેટરશ્રી વિજયાબેન કુંકવાવ તથા આસી. કો–ઓર્ડીનેટર કુ. હેતલ ગૌસ્વામી તથા સંસ્થાના વડાની મિટીંગમાં પ્રોજેકટ ઓફિસર શ્રી સુરેન્દ્રનાથ નાયક ઉપસ્થિત રહયા હતા.

### PSH પ્રોજેકટ પ્રપોઝલ મિટીંગ

સહભાગી જાતિય આરોગ્ય(PSH) કાર્યક્રમ અંતર્ગત અમરેલી અને લાઠીના હિરા ઉદ્યોગ સાથેની નીડ એસેસમેંટની કામગીરી પૂર્ણ થયેલ હોય તેના પ્રોજેકટ પ્રપોઝલ અંગેની મિટીંગ તા. ૩ સપ્ટેમ્બર ના રોજ ભાવનગર તથા ૧૧ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી ધીરેનભાઈ વાગડીયા તથા પ્રોજેકટ ઓફિસર શ્રી સુરેન્દ્રનાથ નાયક ઉપસ્થિત રહયા હતા.

### શિક્ષણ શિબિર

મેરી માતા સોશ્યલ વેલ્ફર સેન્ટર, મોટા દેવળિયા દ્વારા તા. ૯ મી સપ્ટેમ્બરના રોજ શિક્ષણ શિબિરનુ આયોજન કરેલ જેમાં વિષય નિષ્ણાંત તરીકે ઉપસ્થિત રહેલા કમાણી ફોરવર્ડ હાઈસ્કુલના શિક્ષકશ્રી બિપીનભાઈ જોષી તથા જયસુખભાઈ કયાડા અને સંસ્થાપ્રમુખશ્રી ધીરેનભાઈ વાગડીયાએ શિક્ષણની જરુર અને વિવિધ ક્ષેત્રમાં આગળ વધવા વિવિધ અભ્યાસક્રમો વિશે માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા હતા. તથા ઉપસ્થિત શૈક્ષણિક પ્રશ્નોનુ સ્થળ પર નિરાકરણ કરવામાં આવેલ.

### RCH મિટીંગ

તા. ૨૫ સપ્ટેમ્બર ના રોજ સમગ્ર વિકાસ ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રના ૫ જિલ્લા ભાવનગર, અમરેલી, સુરેન્દ્રનગર, જુનાગઢ અને રાજકોટ જિલ્લામાં RCH પ્રોજેકટ ચલાવવા માંગતી સંસ્થાઓ સાથે બેઠક મળી જેમાં RCH પ્રોજેકટની સમજ, લક્ષીત જુથ પસંદ કરવુ તથા પ્રોજેકટ બનાવવા પર માર્ગદર્શન આપવામાં આવ્યુ.

### આંતરરાષ્ટ્રીય આદીવાસી દિનની ઉજવણી

કાનુની સહાય અને માનવ અધિકાર કેન્દ્ર, સુરત જીલ્લાના આદિવાસી વિસ્તારના સાત તાલુકા નિઝર, ઉચ્છલ, સોનગઢ, વ્યારા, માંડવી, માંગરોળ અને ઉમરપાડામાં પોતાના લોક સંગઠનો દ્વારા ૯ મી ઓગષ્ટે આંતરરાષ્ટ્રીય આદીવાસી દિનની ઉજવણી કરેલ હતી. જેમાં આદિવાસી દિન શું છે, શા માટે આ દિવસ ઉજવવો જોઈએ તેનો સંદેશો પહોંચાડયો તેમજ પોતાના વિસ્તારના પ્રશ્નો/મુશ્કેલીઓની ચર્ચા કરી રેલી કાઢી, સભાઓ ભરી મામલતદારશ્રીને આવેદન પત્રો આપ્યા તેમજ આ ઉજવણી દ્વારા નીચે મુજબના મુખ્ય ત્રણ સંદેશાઓ પહોંચાડવામાં આવ્યા.

(૧) આદીવાસી સમાજ સાચી પરિસ્થિતિને સમજે, જાગૃત થાય અને વધુને વધુ એકતા કરે

(૨) બિન આદીવાસી સમાજ આદીવાસીઓને સમજે, તેમની સાથે માનવ તરીકેનો વ્યવહાર કરે અને અધિકારો પરત્વે માન આપે.

(૩) અમોને ગર્વ છે કે અમો આદીવાસી છીએ.

### પત્રો

(૧) જય ભારત સાથ જણાવવાનુ કે તમે અમારા આમંત્રણને માન આપીને અમારી મહિલા મંડળની બહેનોને જે માર્ગદર્શન આપ્યુ અને યુવતિ વિકાસ કેન્દ્ર તેમજ કુટુંબ સલાહ કેન્દ્ર વિશે અમારી બહેનોને માહિતી આપી તે બદલ હું સંસ્થા વતી આપનો આભાર માનું છુ.આપે જે રસપ્રદ માહિતી આપી તે અમારી બહેનોને ભવિષ્યમાં ખૂબ જ ઉપયોગી થશે. ભવિષ્યમાં અમારી સંસ્થાની મુલાકાત લેતા રહેશો અને વિવિધ માહિતી આપતા રહેશો તેવી આશા રાખુ છુ.

–સાવલિયા જયશ્રી ડી., બાલ કેળવણી મંડળ–બગસરા

(૨) સને ૨૦૦૧ માટે ગુજરાત રાજયનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ મને પ્રાપ્ત થયા બદલ હાર્દિક શુભેચ્છા અને અભિનંદન પાઠવતો આપશ્રીનો સંદેશ મને મળેલ છે જેનો સ્વીકાર કરતા મને અત્યંત આનંદ અને ગૌરવની અનુભૂતિ થઈ રહી છે. આપની ભલી લાગણી બદલ હૃદયપૂર્વક આભાર માનુ છુ. આપની શુભકામનાઓ, વડીલોની અમીદ્રષ્ટિ, નાના ભૂલકાઓના ઉલ્લાસિત આશીર્વાદ અને પરમેશ્વરની અસીમ કૃપા થકી જ હું આ ગૌરવપ્રદ સન્માનની અધિકારીણી બની છુ.

ભવિષ્યમાં પણ શિક્ષણ અને સમાજના ઘડતર અને વિકાસ માટેના મારા નિષ્ઠાપૂર્વકના પ્રયાસો વધુ બળવતર બને અને મને એનાયત થયેલ આ પારિતોષિક તે દિશામાં માર્ગદર્શક બની પથ પ્રશસ્ત કરે અને હું વધુ વિનમ્ર બની શૈક્ષણિક ઉત્થાનના મારા ધ્યેયને સમર્પિત બની રહેવા કુદરત મને શકિત પ્રદાન કરે તેવી આપ સૌની પ્રોત્સાહક શુભકામનાઓની અપેક્ષા સહ વિરમુ છુ.

ફરી લાગણીભીના આભાર સાથે આપનુ ક્ષેત્ર કુશળ ઈચ્છુ છુ.

–તરૂબેન બી. વ્યાસ – ખાંભા

**ત્રાસવાદ એઈડઝ કરતા પણ ખતરનાક**

ઈન્ડિયન એરલાઈન્સની ફલાઈટ નં. IEC ૮૧૪ ને ખટમંડુથી હાઈજેક કરીને કંદહાર લઈ જઈને ત્રાસવાદીઓને મુકત કરાવનાર ત્રાસવાદીઓએ ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ ના રોજ સમગ્ર વિશ્વને હિબકા ભરતુ કરી મૂકયુ આ ગોઝારી ઘટના હજુ માનસપટ ઉપરથી દૂર થઈ નથી, વિશ્વનો કમનસીબ દિવસ ૧૧ સપ્ટેમ્બર બની ગયો.

વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં સવારે ૯ કલાકે મોટા ભાગની ઓફિસો ખુલતી હોય તેના ૧૧૦ માં માળની અગાસીમાં આવેલ રેસ્ટોરન્ટમાં અમેરિકન લોકો સવારનો નાસ્તો કરતા કરતા ટીવી જોતા હોય અને અવકાશમાંથી જાણે કોઈ ઉલ્કા આ બિલ્ડીગમાં દાખલ થઈ હોય તેવુ દ્રશ્ય સર્જાયુ. હજારો લીટર પેટ્રોલ ટેંક ફાટી તેથી ૧૫૦૦ ડીગ્રી સેન્ટીગ્રેટ તાપમાન ઉત્પન થયુ અને ઈમારતનુ લોખંડ કાગળના પત્તાની જેમ કડડભૂસ થઈ પિગળી ગયુ...બન્ને ઈમારતમાં હજારો લોકો દફનાઈ ગયા...અને તેના અશ્મિઓ મેળવવા પણ મુશ્કેલ બન્યા. સાથે ૨૫૦ જેટલા ભારતીય લોકો પણ આ ખતરનાક હુમલાનો ભોગ બન્યા.

હાલની સ્થિતિમાં દુનિયાનો દરેક દેશ પોતાની પ્રગતિ માટે ઝઝૂમી રહયો છે, કેટલાક દેશ ગરીબીમાં સબડે છે. ત્યાં ખાવા ધાન નથી પીવા પાણી નથી આવા કોઈ દેશને પોતાની મુશ્કેલીમાંથી બહાર આવવાનો સમય નથી તો યુદ્ધ કયાં કરવાના? છતાં યુદ્ધની સ્થિતિ નિર્માણ થઈ, વિશ્વના માત્ર ગણ્યા ગાઠયા લોકો પોતાની મન ઘડત ઈચ્છા પ્રમાણે નાગરિક ઉપર હુમલા કરે, નિર્દોષ નાગરિકોનો ભોગ લેવાય, જે તે વિસ્તારની શાંતિ હણાય, કોઈ બિલ્ડીગના પાર્કીગમાં પડેલી કારમાં બોંબ મુકવામાં આવે, કોઈ ટ્રેઈન/બસમાં, કોઈ બજારમાં કે કોઈ માનવ બોંબ બનીને વિશ્વની મહાન લોકશાહી ધરાવતા દેશના વડા પ્રધાનનો ભોગ લે !! આ પધ્ધતિ યોગ્ય છે? ત્રાસવાદીઓની પોતાની લડાઈ કોની સામે છે ? નિર્દોષ નાગરિકોનો ભોગ લઈને તમે તમારી માંગણી સંતોષો છો તે વ્યાજબી છે? કોઈ ધર્મમાં નિર્દોષ લોકોની હત્યા કરવાની છુટ આપવામાં આવી નથી, ધર્મના સાચા સંતો કે મસિહા લોકોની લાગણી જીતવાનો , લોકોને સત્યના માર્ગે વાળવાનો પ્રયત્ન કરે ત્યારે બીજી બાજુ ધર્મના નામે આવુ કૃત્ય ? વિશ્વના ધનિક અને શકિતશાળી દેશ અમેરિકા ઉપર આવો હુમલા થાય તો સામાન્ય દેશની સ્થિતિ શું ? કાશ્મીરની સ્થિતિ શું છે ? પ્રવાસીઓ દ્વારા રોજી રોટી કમાતા કેટલાય કાશ્મીરીઓ વર્ષોથી બેકાર છે, કેટલાય કાશ્મીરી પંડિતો પોતાના ધંધા–ખેતી, ઘર, મકાન મૂકીને આપણા દેશમાં જ શરણાર્થી બન્યા છે. પોતાના જ દેશમાં પોતાના જ લોકો શરણાર્થી બનીને શરણાર્થી છાવણીમાં રહેતા હોય તો વિશ્વની મહાન લોકશાહી ગણાતા ભારત માટે શરમજનક કહેવાય.વિશ્વના ત્રાસવાદી સંગઠનો ઉપર પ્રતિબંધ લગાવવા શરૂ થઈ ગયા પણ કાશ્મીરમાં "લશ્કરે તોયબા" હજુ કાર્યરત છે શા માટે ? આપણી કોઈ મજબુરીઓ છે? પાકિસ્તાનમાં એક સર્વે મુજબ ૬૩ ટકા લોકો તાલિબાનનુ સમર્થન કરે છે. પાકિસ્તાનના બુધ્ધિ જીવીઓ મુંઝવણ અનુભવે છે અને ચૂપચાપ બેસી બહેવા સિવાય તેમની પાસે કોઈ રસ્તો નથી.

આ સમય છે ત્રાસવાદ સામે લડવાનો વિશ્વની મહાન સત્તાઓ અમેરિકા, બ્રિટન, રશિયા ત્રાસવાદનો ખાતમો બોલાવવાનો કાર્યક્રમ લઈ ને બેઠી હોય ત્યારે આપણે માત્ર સમર્થન નહી આપણે પણ આવો કાર્યક્રમ બનાવવો જોઈએ તેવુ આપણા દેશના મોટા ભાગના લોકો ઈચ્છે છે. ભારતમાં ૧૯૭૧ પછી ફરી પાછુ લોક સ્તરે લડાઈનુ માનસ ઉભુ થયુ છે. ભારતના લોકો ત્રાસવાદ સામેની લડાઈ ઈચ્છે છે અને આ માટે પાકિસ્તાનને જવાબદાર માને છે અને તે વાસ્તવિકતા હોઈ શકે કે ભારતમાં જમ્મુ–કાશ્મીર જે ત્રાસવાદની ઝપેટમાં લેવામાં પાકિસ્તાન જવાબદાર છે જેના પુરાવા આપણી પાસે છે પરંતુ છેલ્લા ૧૦ વર્ષથી આપણે શાંતીના દૂત બનીને રહયા છીએ.

ભારતમાં દિલ્લી, લખનૌ, હૈદ્રાબાદમાં લાદેન સમર્થકો રેલી કાઢે, પોસ્ટર ચીપકાવે તો દાખલો બેસાડી આવા સમર્થકો ઉપર કડક પગલા પણ લઈ શકાય. ભારતની સંસ્કૃતિ શાંતિપ્રિય છે. અહિંસામાં માનીએ છીએ. એટલે જ તો પૃથ્વીરાજ ચૌહાણે કેટલીય વાર મહમદ ગઝનીને માફ કરીને જવા દીધો પણ ગઝનીએ શું કર્યુ તે આપણે સૌ જાણીએ છીએ. કયારેક આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દીરા ગાંધી, લાલ બહાદૂરશાસ્ત્રીની યાદ આવે કે કેવી પરિસ્થિતિમાં પાકિસ્તાનને પરાસ્ત કર્યુ હવે ફરીવાર આપણે પાકિસ્તાન સામે નહિ પરંતુ પાકિસ્તાન પ્રેરિત જમ્મુ–કશ્મીરના ત્રાસવાદીઓને વિશ્વની સાથે રહીને નેસ્તનાબૂદ કરવાના છે. પાકિસ્તાનને આપણે કંઈ કરવાની જરૂર નથી તેની નીતી તેના પતન માટે જવાબદાર બનશે. તેમ છતા પાકિસ્તાને આઝાદી પહેલાના ભારતવર્ષનો એક ભાગ છે તેથી બંને દેશની પ્રજા આંતરિક લાગણી ધરાવે છે તેમજ શાંતિ ઈચ્છે છે. ભારતે તેમાં પહેલ કરી છે પરંતુ કમનસીબી કે પાકિસ્તાનને મળેલા શાસકો અંગત સ્વાર્થ માટે ભારત વિરોધી લાગણી ઉભી કરીને પાકિસ્તાનની પ્રજાને ભારત વિરોધી બનાવવા પ્રયત્ન કરે છે પરંતુ તેને સફળતા નહી મળે અંતે બંને પ્રજા એક જ ઉપખંડની છે. લાગણીઓ કયારેક ઉછાળા મારીને બહાર આવશે ત્યારે આ ઉપખંડમાં શાંતી શાંતી જ હશે.

**બિપીનભાઈ જોષી – અમરેલી**

**લક્ષ્મી ચંચળ નથી, પણ લક્ષ્મી મળવાથી માણસ ચંચળ થઈ જાય છે**

# ટપક

**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર**

**વર્ષ :૩ અંક : ૯ સપ્ટેમ્બર,૨૦૦૧**



**સંપાદક ટીમ**
પ્રકાશ ભટ્ટી
કંચનબેન વાગડિયા
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા
મમતા ગૌસ્વામી
વિજયાબેન કુંકવાવ
રેખાબેન દોંગા


## યાદ રાખવા જેવી વાતો

સામાન્ય રીતે માણસ શીખામણ આપવાનુ પસંદ કરે છે. લેવાનુ પસંદ કરતો નથી. પરંતુ જે કોઈ વ્યકિત મહાનુભાવો કે સફળ વ્યકિતના અનુભવોમાંથી શીખવાની વૃતિ ધરાવે છે તે જીવનમાં સફળતા અને સુખ પ્રાપ્ત કરી શકે છે તે પોતાની જાતને સુધારીને વધુને વધુ યોગ્યતા પ્રાપ્ત કરતી રહે છે.

**અહિં આપેલ કેટલીક વીણેલા મોતી જેવી વાતો દરેક વ્યકિતને કંઈકને કંઈક જરૂર શીખવી જશે અને ગઈકાલ કરતા આવતી કાલ ચોકકસ વધુ ઉજજવળ બનશે. જોઈએ....**

જીવન એક આરસી જેવુ છે તેના તરફ મલકો તો મોહક લાગે અને તેના સામે ઘુરકો તો બેડોળ બને

– એડવિન ફોલિયર

મેલા અને ઢંગધડા વિનાના કપડાથી જો આપણને શરમ આવતી હોય તો પછી મેલા અને ઢંગધડા વિનાના વિચારોથી પણ આપણે શરમાવુ જોઈએ

– અજ્ઞાત

આનંદમય વિચારોથી મનને પ્રફુલ્લીત કરી દો, અને પછી જુઓ કે સુખનો જાદુઈ ચિરાગ તમારા હાથમાં જ છે

– ફિલ બોસ્મન્સ

દુઃખ તમારા અંતરને જેટલુ ઉંડુ કોતરશે એટલુ સુખ તમે એમાં વધારે સમાવી શકશો

– ખલિલ જિબ્રાન

જે માણસ હાસ્યની ભાષા ભૂલી જાય છે તે ઘણુ બધુ ભૂલી જાય છે

– ઓશો રજનીશ

ખોટુ કામ કરવા માટે હજુ સુધી સાચો રસ્તો કોઈનેય જડયો નથી

– ગોનેજ

મારી આસ્તિકતા અને શ્રધ્ધાના મૂળમાં કોઈ ડર નથી

– નેપોલિયન


**સંકલન : રમેશ ભંડેરી, એવરેસ્ટ ગ્રૃપ – ભાડ**

## આપણો ધર્મ અને જીવન

કળીયુગ આવ્યો છે ભાઈ માણસ માણસમાં રહયો નથી. ચારે બાજુ હળાહળ કળીયુગનુ જ રાજ છે. આવુ બોલતા ઘણા માણસોને આપણે સાંભળ્યા હશે.હકીકત શું છે કળ યુગને સામેથી આપણેજ બોલાવ્યો છે. ધર્મ અને જીવનનો જે સુખમય સુમેળ હતો તેને ત્યજીને આપણે બાહય સુખ પાછળ આંધળી દોટ મુકી. વૈભવશાળી જીવન જીવવાની વૃતિને લઈને માણસને જીવનમાં કેટકેટલા પાપ કર્મો કરવાના રહે છે. તેનુ તેને જરાપણ સાનભાન નથી ઈશ્વરના નિયમો અનુસાર પાપ કર્મો કરવાથી જીવનમાં દુઃખ અને દરીદ્રતા સિવાય કશુજ પ્રાપ્ત થતુ નથી.

લોભી લાલચુ અને ભ્રષ્ટાચારી માણસના જીવનમાં કદાપી સુખ શાંતિ હોતી નથી તેને પોતાના ગૃહસ્થી જીવનમાં અવાર નવાર કુદરતી આફતોનો સામનો કરવાનો જ રહે છે. કુટુંબના ભરણ પોષણની જવાબદારી તમારી છે તે સમજી શકાય પરંતુ તેનો અર્થ એવો નથી કે તમે મનફાવે તેવી રીતે વર્તો અને જાણવા છતા પાપ કર્મોના ભાગીદાર બનો શા માટે? ભોગ વિલાસ અને લાલચનો ત્યાગ કરી કરકસરમય અને સંતોષી જીવન જીવવાની પ્રેરણા મળે તેવુ વાતાવરણ ઉભુ કરીએ જે શકય છે. આમ કરવાથી ધર્મ અને જીવનનો સુખમય મેળાપ થશે અને આપણને ખરેખર આનંદમય જીવન જીવવાની ખુબ જ મજા પડશે.

**સનતભાઈ હોથી–લાઠી**



**વાણી**

**સાચુ બોલો. મધુર બોલો. નરમાશથી બોલો. પ્રેમપૂર્વક બોલો. મૌન રહો. કોઈનુ બૂરૂ ન બોલો. વિચારીને કાળજીપૂર્વક બોલો. તમને સુખ અને શાંતી મળશે.**
**– નિત્ય સાથી**

**લીધેલ નિર્ણય સાચો હોય તો દ્રઢતાથી વળગી રહો**